Navgujarat Samay

EDII

February 2, 2022
Pg.2

## » શિક્ષણ, આરોગ્ય, માળખા અને MSME પર ભાર



**ડો. સુનિલ શુક્લા**
ડાયરેક્ટર જનરલ, આંત્રપ્રિન્યોરશીપ (ઇડીઆઇઆઇ)

શિક્ષણ, આરોગ્ય, માળખા અને એમએસએમઇ જેવાં ચાવીરૂપ ક્ષેત્રો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, જે વૃદ્ધિ અને સર્વાંગી વિકાસ ઉપર કેન્દ્રિત છે. વિવિધ ભાષાઓમાં ઓનલાઇન શિક્ષણ પ્રદાન કરવા માટે ડિજિટલ યુનિવર્સિટીની જાહેરાત, ઓનલાઇન ટ્રેનિંગ દ્વારા લોકોના સ્કિલ, રિસ્કિલ અથવા અપસ્કિલ દ્વારા સશક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે દેશ-સ્ટેક ઇ-પોર્ટલ કે જે કૌશલ્ય અને આજીવિકા માટેની ડિજિટલ ઇકોસિસ્ટમ ઉપર કેન્દ્રિત છે, વિજ્ઞાન અને ગણિતમાં 750 વર્ચ્યુઅલ લેબની સ્થાપના તેમજ સિમ્યુલેટેડ લર્નિંગ એનવાયર્નમેન્ટ માટે 75 સ્કિલિંગ ઇ-લેબ સ્કિલિંગ ઇકોસિસ્ટમ અને શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે સરકારની કટીબદ્ધતા સૂચવે છે. સ્ટાર્ટ-અપ્સ માટે ટેક્સના લાભોનો એક વર્ષ માટે વિસ્તાર ઉદ્યોગ માટે સંરક્ષણ આરએન્ડડી બજેટના 25 ટકા નિર્ધારિત કરવાથી પ્રોત્સાહન મળશે.